## વાત ગાંધીનગરની

શહેરમાં ભારે ઉકળાટ બાદ સાંજે ગાજવીજ સાથે નાનકડુ વરસાદનુ ઝાંપટુ પડ્યુ હતુ. જો કે ગાજ્યા મેહ વરસ્યા નહી. એવુ જ ફરીથી શહેરમાં થયુ. માહોલ પ્રમાણે વરસાદ ન પડતા શહેરીજનોમાં ભારે નારાજગી વર્તાતી હતી.

● **આજે મુખ્યમંત્રી સુરત જશે**

છેલ્લા ત્રણ દિવસથી સુરતમાં કોરોના સંક્રમણ વધતા સરકારમાં અને સુરતમાં ભારે ચિંતા વ્યાપી છે. કોરોના માટે નવા હોટસ્પોટ બનેલા સુરતમાં આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ છેલ્લા ચાર દિવસથી ધામા નાંખ્યા છે. આરોગ્ય વિભાગના ઘણા અધિકારીઓ પણ સુરત પહોંચ્યા છે જ્યારે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને મુખ્ય સચિવ અનિલ મુકિમ શનિવારે સુરત પહોંચી રહ્યા છે. સ્થાનિક સત્તાવાહકો સાથે બેઠક કરી તાકિદના નિર્ણયો લેવાશે અને સાવધાની માટે સુરતીઓને અપીલ કરાશે.

● **આંકડાનો ઉહાપોહ હજુ યથાવત**

આજ અખબારના આજ કોલમમાં બે દિવસ પહેલા ઉલ્લેખ કરાયા મુજબ કોરોના કેસની વિસંગતતા અથવા તો છુપાવવાની વૃત્તિ રાજ્યવ્યાપી બની છે. રાજકોટ, સુરત અને વડોદરામાં આ જ ફરિયાદો મીડિયાકર્મીઓ ખુલીને કરી રહ્યા છે. ઈલેક્ટ્રોનિક મીડિયામાં રાજકોટ અને સુરતના અખબારોના વરિષ્ઠ તંત્રીઓના ઈન્ટરવ્યુમાં આ વાત ઉપસી આવી હતી. ગઈકાલે ગાંધીનગર મહાનગરપાલિકાની અખબારી યાદીમાં ચાર કોરોના પોઝીટીવ કેસ લોકેશન સાથે દર્શાવાયા હતા જ્યારે રાજ્ય સરકારની યાદીમાં માત્ર એક જ કેસ દર્શાવ્યો હતો. આમ ૭૫ ટકાનો તફાવત બંને સરકારીતંત્ર વચ્ચે જોવા મળ્યો હતો અને આવુ બધે જ થઈ રહ્યુ છે. શા માટે થાય છે એ સમજાતુ નથી. જો સાચા આંકડા દર્શાવાય તો સાવધાની વધે અને વધતા કેસો નિયંત્રિત થઈ શકે.

● **મુક્તિધામને દ્વારે સુકાતી લાગણીઓ**

કાળમુખા કોરોનાએ માનવીય લાગણીઓનું ધોવાણ કરી દીધુ છે. કોરોના સંક્રમણથી મૃત્યુ પામતા સ્વજનોના અંતિમ સંસ્કારના દશ્યો વધુ કરૂણ બની રહ્યા છે. શહેરના મુક્તિધામ ખાતે અત્યાર સુધી કોરોનાના કારણે મૃત્યુ પામનાર ૫૬ મૃતકોના અંતિમ સંસ્કાર કરાયા જેમાંથી માત્ર ૧૮ વખતે ચાર-પાંચથી વધારે સ્વજનો હતા. બાકી ૭૦ ટકા કેસોમાં અંતિમ સંસ્કાર વખતે માત્ર ને માત્ર ત્રણ-ચાર સ્વજનોની ઉપસ્થિતિ હતી. જ્યારે બે દિવસ પૂર્વે કરાયેલી મોડી રાતની અંતિમવિધિમાં એક માત્ર મહિલા સ્વજનની ઉપસ્થિતિ હતી અને તે પણ પંદર-વીસ મિનિટ. અને વધારે કરૂણતા તો એ છે કે ૬૦ ટકાથી વધુ સ્વજનોએ અસ્થિ લઈ જવાનો પણ ઈન્કાર કર્યો હતો. કોરોનાના ભયે લાગણીઓ પણ સુકવી દીધી છે.

● **શહેરના બે બિલ્ડરોને કોરોના પોઝીટીવ**

ગાંધીનગર શહેરના અગ્રણી બિલ્ડર અને ગાંધીનગર બિલ્ડર એસોસીએશનના પૂર્વ પ્રમુખ પ્રમુખભાઈ પટેલ (શ્રીરામ ગૃપવાળા)ને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતા ચિંતાની લાગણી પ્રસરી હતી. જ્યારે ૨૪ કલાક પહેલા બીજા અગ્રણી બિલ્ડર અને ભાજપના અગ્રણી જે.એસ. પટેલને પણ પોઝીટીવ ડીટેક્ટ થયુ હતુ. બંને હોમ ક્વોરોન્ટાઈન થયા છે. તેઓની તબીયત હાલમાં સ્થિર છે.

● **અને છેલ્લે...**

પ્રાથમિક શિક્ષણમાં ઓનલાઈન શિક્ષણના પગલે મમ્મીઓની કામગીરી વધી ગઈ છે. ખાસ કરીને પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા મોકલાતા વીડિયો ડાઉનલોડ કરવા અને બાળકને પાસે બેસાડીને સમજાવવા તથા હોમવર્ક કરાવવુ જેવી કામગીરી વધી ગઈ છે.

# શહેરમાં ગાજ્યા મેઘ વરસ્યા નહી

**મોડી સાંજે વાતાવરણ પલ્ટો : સુસવાટા મારતા પવન અને ગગનભેદી વિજકડાકા વચ્ચે વરસાદી ઝાપટુ : વરસાદી વાયરાથી વાતાવરણમાં ઠંડક**

**શહેરમાં ૯ મી મી વરસાદ પડયો : જનજીવન પ્રભાવિત : વરસાદી ઝાપટાથી ભીંજારો : સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પુન : જીવિત થઇ**





ગાંધીનગર તા ૩

છેલ્લા ચાર પાંચ દિવસથી અસહ્ય ઉકળાટ અનુભવતા નાગરિકો હવે મેહુલિયો મનભરીને વરસે તેની વાટે છે. પરંતુ આજે દિવસના બફારા બાદ શહેરમાં સાંજે આકાશમાં ગોરંભાયેલા વાદળો ગર્જીને વિદાય લઈ લેતા નાગરિકોની વરસાદની આશ ઠગારી નિવડી હતી. સાંજના સમયે આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. પવનના સુસવાટા અને ગગનભેદી વિજકડાકા સાથે વરસાદનુ આગમન થયુ હતુ. પરંતુ માત્ર ઝાપટુ વરસાવી મેઘરાજા હાથતાળી આપી ગયા હતા. ગાજયા મેઘ વરસ્યા નહીં. વરસાદી વાયરા સાથે આકાશમાં ગોરંભાયેલા વાદળોએ પણ વિદાય લીધી હતી. સાંજના સમયે ૯ મી મી વરસાદ વરસ્યો હતો જો કે વાતાવરણ પલ્ટાના લીધે નગરમાં ઠંડક પ્રસરી હતી. જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ.

શહેરમાં વરસાદની ગેરહાજરી વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ઉકળાટ અનુભવતા નાગરિકો બફારાથી ત્રસ્ત છે. જયારે આજે પણ સવારથી જ વાતાવરણમાં આકરી ગરમી અનુભવતા નાગરિકોની મીટ નભ તરફ મંડરાઈ હતી. છેલ્લા ચાર પાંચ દિવસથી મોસમનો મિજાજ પણ વિચિત્ર જોવા મળે છે. મહત્તમ તાપમાન પણ સતત ૩૬ થી ૩૮ ડીગ્રી વચ્ચે રહે છે. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ નહીંવત જોવા મળી રહ્યો છે. જો કે ગઈકાલની સાપેક્ષમાં આજે ગરમીનો પારો ૨.૫ ડીગ્રી ઉંચે આવ્યો હતો. દિવસના અસહ્ય ઉકળાટ બાદ સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો સાંજે ૫ કલાકના અરસામાં આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે સુસવાટા મારતા ઠંડા પવન વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૫ કેસ

**સારવાર દરમિયાન વધુ બે ના મોત : જિલ્લાના કલોલમાં ૧૧ કેસ તો ગાંધીનગર તાલુકામાં ૪ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૫ કેસ મળી આવ્યા છે. આજે સારવાર દરમિયાન વધુ ૨ દર્દીના મોત થયા છે. આ સાથે જિલ્લામાં સારવાર દરમિયાન મોત પામનાર દર્દીઓની સંખ્યા ૪૫ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે આજે ગાંધીનગર તાલુકાના બે દર્દીઓના સારવાર દરમિયાન મોત નીપજ્યા છે. ભાટના ૫૯ વર્ષીય પુરૂષ દર્દીનું ગાંધીનગરની એસએમએમ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત થયુ છે. આ દર્દીને હાઈપર ટેન્શનની પણ બિમારી હોવાનુ જાણવા મળેલ છે.

જ્યારે બીજો દર્દી જે ઝુંડાલ ગામનો રહેવાસી અને સરકારી નોકરી કરતા એક ૫૩ વર્ષીય પુરૂષનું પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા ડેથ રેટને લઈ તંત્રમાં ચિંતા વધવા પામી છે. તંત્રએ આ માટે દર્દીઓને ફાસ્ટ ટ્રેકીંગ અને ફાસ્ટ સારવારનો અભિગમ અપનાવવાનો અભિગમ હાથ ધરવાનો નિર્ણય કરી સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે.

મળતી વિગતો પ્રમાણે આજે જિલ્લામાં કલોલમાં એક જ દિવસમાં ૧૧ કેસ મળી આવ્યા છે જ્યારે ગાંધીનગરમાં ૪ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કુડાસણ, લીંબડીયા, મહુન્દ્રા અને વાવોલમાંથી કેસો મળ્યા છે. ગાંધીનગર તાલુકાના કુડાસણમાંથી જે ઝડપથી કેસો મળી રહ્યા છે તેનાથી તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. ગાંધીનગર નજીક આવેલ કુડાસણ એ ફાસ્ટ ડેવલપીંગ વિલેજ ગણાય છે અને ત્યાંથી કેસોની સંખ્યા વધી રહી છે.

તાલુકામાં આજે નોંધાયેલ કેસોમાંથી ૩ મહિલા દર્દીઓ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના વધુ ૭ કેસ

**શહેરનો આંક ૨૨૯ થયો : સે. ૨૪ માં આજે ૩ કેસ નોંધાયા : સે.૪બી, સે. ૨-એ અને સે. ૧૨ માંથી પણ કેસ મળી આવ્યા : દૂરદર્શન-એસબીઆઈ અને જીઈબીના કર્મયોગીઓ પણ ઝપટમાં આવ્યા**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૭ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરના કેસોની સંખ્યા ૨૨૯ પર પહોંચી છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ સઘન સર્વેલન્સ પણ આરંભી દીધુ છે. આ ઉપરાંત માસ્ક ફરજીયાતના કાયદાનુ અમલીકરણ ચુસ્તરીતે થાય તે માટે વિવિધ ટીમો બનાવી દંડનીય કાર્યવાહી પણ હાથ ધરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૯, સે. ૨૪, સે. ૪-બી, સે. ૨-એ તેમજ સે. ૧૨ના કેસોનો સમાવેશ થાય છે. સેક્ટર-૨૪ માંથી આજે ૩ કેસો મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. સે. ૨૪ માં જે ૩ કેસ નોંધાયા છે તેમાં બે નાના વેપારી અને એક મહિલાનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામમાં ૪ કલાકમાં બે ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૩


ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આજે ૪ કલાકમાં જ બે ઈંચ વરસાદ નોંધાયો છે જ્યારે ગાંધીનગર તાલુકામાં માત્ર ૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરના માણસા અને કલોલ તાલુકામાં નહીવત છાંટા પડ્યા હોવાનું જાણવા મળેલ છે.

હવામાન ખાતાએ તા. ૩, ૪ અને ૫ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં વરસાદ થશે તેવી આગાહી કરી હતી. જો કે ૪ અને ૫ દરમિયાન સમગ્ર જિલ્લામાં વરસાદ થશે તેમ પણ આગાહી કરવામાં આવી છે.

જિલ્લામાં વરસાદ ખેંચાયો છે પણ આજે જે રીતે દહેગામમાં ૪ કલાકમાં બે ઈંચ વરસાદ થતાં લોકોએ ગરમીમાં રાહત અનુભવી છે. સાંજે ૪.૩૦ વાગ્યાના સુમારે દહેગામમાં વરસાદ શરૂ થયો હતો અને ૬ વાગ્યા સુધીના બે કલાકના ગાળામાં જ લગભગ દોઢ ઈંચ જેટલો વરસાદ થયો હતો. આ પછી વરસાદનુ જોર ઘટ્યુ હતુ પણ ઝરમર-ઝરમર તો વરસાદ ચાલુ જ રહ્યો હતો.

ગાંધીનગર તાલુકામાં આ ૪ કલાક દરમિયાન ૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. જેમાં ૪ થી ૬ દરમિયાન ૩ મી.મી. અને ૬ થી ૮ દરમિયાન હળવો વરસાદ નોંધાયો હતો. સાંજે ૮ વાગ્યા સુધીમાં ૪ મીમી. વરસાદ થયો હતો. વરસાદના આગમનથી વાતાવરણમાં થોડીક રાહત જોવા મળી છે જો કે આજે દિવસ દરમિયાન સતત ઉકળાટ અને ગરમી નોંધાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા.



શહેરમાં હાલ ગૌરી વ્રતની ઉજવણી ચાલી રહી છે. નાની બાળાઓ ઉત્સાહ પુર્વક આ વ્રત કરી રહી છે.કોરોનાની મહામારી વચ્ચે વ્રત નિમિત્તે નાની દિકરીઓને ઘરની બહાર લઈ જવા માટે માતા પિતા રાજી નથી પરંતુ ઘરમાં જ રહીને ગૌરી વ્રતની પારિવારિક માહોલમાં ઉજવણી કરવામાં આવી રહી છે. ગૌરી વ્રત નિમિત્તે પુજા પણ ઉત્સાહ પુર્વક કરે છે.

# શહેરમાં પાંચ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ શરૂ કરવા મંજૂરી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં સરકાર દ્વારા પાંચ અંગ્રેજી માધ્યમની પ્રા. શાળાઓ શરૂ કરવા માટેની લીલી ઝંડી આપી દેવામાં આવી છે.

સરકાર દ્વારા અપાયેલી લીલી ઝંડી પછી હવે મનપા દ્વારા આ પાંચ અંગ્રેજી માધ્યમના જુનિ. કે.જી. અને સીની. કે.જી. પણ શરૂ કરી દેવામાં આવશે.

મળતી વિગતો મુજબ આગામી પાંચ વર્ષ દરમિયાન મનપા દ્વારા આ પાંચેય શાળામાં કે.જી.ના વર્ગો માટે અંદાજે રૂ. સવા લાખનો ખર્ચ કરવામાં આવશે. જેમાં રમત-ગમતના સાધનો સહિતની ખાસ સુવિધાઓ પણ વિકસાવવામાં આવનાર છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ દિપાવલી બાદ આ કે.જી.ના વર્ગો ચાલુ કરવાનું હાલ આયોજન વિચારણામાં છે. જ્યારે ધો. ૧ અંગ્રેજી માધ્યમનું કદાચ નવા શૈક્ષણિક વર્ષથી આરંભ કરવામાં આવશે તેવી હાલ પ્રાથમિક વિચારણા ચાલે છે.

રાજ્ય સરકારે જે પાંચ અંગ્રેજી માધ્યમની પ્રા. શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપી છે તેમાં સરકારી પ્રા. શાળા સે. ૨૪/૧, સરકારી પ્રા. શાળા સે. ૧૩/૨, સરકારી પ્રા. શાળા સે. ૨૯/૧, સરકારી પ્રા. શાળા ઈન્દ્રોડા અને સરકારી પ્રા. શાળા સે. ૨૨નો સમાવેશ થાય છે.

સરકાર દ્વારા આ મંજૂરી મળી જતાં જ તંત્ર હરકતમાં આવ્યુ છે પણ આ અંગેની કામગીરી હાલ પ્રવર્તમાન કોરોનાની સ્થિતિને લઈ ધીમી ગતિએ કવાયત ચાલી રહી છે.

મનપા દ્વારા પણ આ કવાયત હાલ પ્રાથમિક તબક્કામાં હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# સોલિડ વેસ્ટના નિકાલ માટે તંત્રની ઉદાસીનતા

**ધીમી ગતિની કામગીરી સામે કલેક્ટરની નારાજગી : ઝડપી તેમજ તેના યોગ્ય નિકાલની કામગીરી હાથ ધરવામાં આવે તેવી કડક ચેતવણી પણ આપી**

ગાંધીનગર, તા. ૩

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટને લઈ શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા ચાલતી ધીમી કામગીરી અંગે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

તેમણે આ સંસ્થાના અધિકારીઓને આ કામગીરી માટે ગંભીરતાથી દાખવી અને ઝડપી તેમજ તેના યોગ્ય નિકાલની કામગીરી હાથ ધરવામાં આવે તેવી કડક ચેતવણી પણ આપી હતી.

નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશમાં દર્શાવાયેલા માપદંડોનું પણ ચુસ્તતાથી અમલ થાય તે જોવા તેમણે જણાવ્યુ હતુ. એક બે નગરપાલિકા વિસ્તારમાં તો સેગ્રીગેશનની કામગીરી ન થતી હોવાનું જણાતાં તેમણે તાત્કાલિક યુદ્ધના ધોરણે આ કામગીરી હાથ પર લેવા માટે પણ જણાવ્યુ હતુ.

ગાંધીનગર મહાનગરપાલિકાને પણ ઘન કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા તાકીદે કરવા જણાવ્યુ હતુ. અહિ સેગ્રીગેશન થાય છે અને ટ્રોમિલ પણ ચાલે છે પરંતુ નિકાલની કામગીરી અત્યંત ધીમી હોવાને લઈ તેમણે નારાજગી વ્યક્ત કરી હતી.

ગાંધીનગર શહેરના હદમાં વધારો કરાયા બાદ ઘન કચરાના નિકાલ માટે નવા સમાવિષ્ટ વિસ્તારોમાં પણ તાકીદે કામગીરી હાથ ધરવા માટે કેટલાક સૂચનો પણ કલેક્ટરે કર્યો હોવાનું જાણવા મળેલ છે. મનપાના તંત્ર દ્વારા ખાતરના વિતરણ માટે અલાયદો રોડમેપ તૈયાર કરવામાં આવે અને ઝડપી નિકાલની વ્યવસ્થા થાય તે માટે તેમણે આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં મનપાના નાયબ મ્યુનિ. કમિશનર તેમજ કલોલ-દહેગામ-માણસાના ચીફ ઓફિસરો અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દરમિયાન આજે રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમ પણ આ અંગે જિલ્લા કલેક્ટરો સાથે ખાસ વિડીયો કોન્ફરન્સ કરનાર હોવાનું જાણવા મળેલ છે.

# ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોમાં પણ ઈ. સેવાઓ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સ્માર્ટ સિટી યોજના હેઠળ આઈ.ટી. પ્રોજેક્ટસ માટે રૂ. ૧૭૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે. ગાંધીનગરના જુના વિસ્તારમાં આઈ.ટી. પ્રોજેક્ટ્સ હેઠળ સ્માર્ટ સિટીનાં તમામ કામો પૂર્ણ કરતાં રૂ. ૧૧૦ કરોડ જેટલી રકમનો ખર્ચ થાય તેમ છે. બાકી રહેતી રૂ. ૬૭ કરોડ જેટલી રકમમાંથી તાત્કાલિક ધોરણે જીઓગ્રાફીક ઈન્ફોર્મેશન સીસ્ટમ (જીઆઈએસ), પ્રોપર્ટી ટેક્ષ સર્વે, સ્માર્ટ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, એડોપ્ટીવ ટ્રાફિક મેનેજમેન્ટ સીસ્ટમ, સર્વેલન્સ કેમેરા, વી.એમ.ડી. બોર્ડ, સ્માર્ટ પોલ જેવી જરૂરીયાત મુજબના આઈ.ટી. પ્રોજેક્ટ સ્થળ-સ્થિતિની જરૂરીયાત મુજબ તાત્કાલિક ગાંધીનગર કોર્પોરેશનમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં શરૂ કરવાનું આયોજન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલુ છે. તેમ મેયર રીટાબેન પટેલે આજે નિવેદનમાં જણાવ્યુ છે.

## 'ચોપડા'ની કામગીરી માટેનું ટેન્ડર

**શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર**

C/o. જલારામ ધામ, સેક્ટર-૨૯, ગાંધીનગર. ફોન : ૦૭૯૨૩૨૨૩૬૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા ચોપડા ૩૦૦ ડઝન બનાવવા માટે આ કામના જાણકાર પ્રિન્ટીંગ પ્રેસ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો જલારામ મંદિર ખાતેથી તા. ૫/૭/૨૦૨૦ થી ૧૦/૭/૨૦૨૦ સુધી સવારે ૯ થી ૧૨ તથા સાંજે ૪ થી ૯ સુધી મેળવી લેવાના રહેશે. ભાવપત્રકો તા. ૧૧/૭/૨૦૨૦ના સાંજે પાંચ વાગ્યા સુધી મેનેજર, શ્રી જલારામ મંદિર, સે.૨૯ને મોકલી આપવાના રહેશે.

સહી/-
અશોકભાઈ જે. પોપટ
મંત્રી
શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com